# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
NAAC Accredited with Grade 'A' (CGPA 3.25) (23-01-2017 to 22-01-2022)
Website : www.spuvvn.edu
Phone : 91-02692- 226807


## પરિપત્ર

**(અનુસ્નાતક અને પી.જી. ડિપ્લોમાના અભ્યાસક્રમોની ખાલી બેઠકો માટે)**

આથી સંબંધકર્તા તમામ વિદ્યાર્થીઓ કે જેઓ સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિભાગ/કોલેજો/ઇન્સ્ટીટયૂટમાં અનુસ્નાતક તથા પી.જી. ડિપ્લોમામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય અને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય, તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ***તારીખ : ૦૨/૦૭/૨૦૧૮, સવારના ૧૧.૦૦ કલાકથી તારીખ : ૧૩/૦૭/૨૦૧૮ સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન*** ઓનલાઇન પોર્ટલ ફરીથી શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ તથા જરૂરી ફી ઓનલાઇન જમા કરાવી પ્રવેશ ફોર્મની પ્રીન્ટઆઉટ મેળવી જે તે વિભાગ/કોલેજનો સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જે વિદ્યાર્થીઓએ અગાઉ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરીને યુનિવર્સિટી હેલ્પ સેંન્ટર ખાતે વેરીફાઇડ કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ વેરીફાઇડ ફોર્મ અથવા તો યુનિવર્સિટી હેલ્પ સેન્ટર દ્વારા આપવામાં આવેલ રસીદ લઇ જે તે વિભાગ/કોલેજનો સંપર્ક કરવાનો રહેશે.

ઉપરોકત બંન્ને કિસ્સામાં જે તે વિભાગ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રીએ તેમના વિભાગ/કોલેજમાં જો બેઠક ખાલી હશે તો વિદ્યાર્થીના ફોર્મ ઉપર પ્રવેશ આપવા અંગેની ભલામણ કરી સહી સિકકા કરવાના રહેશે, ત્યારબાદ વિદ્યાર્થીએ અસલ દસ્તાવેજો સાથે યુનિવર્સિટી હેલ્પ સેન્ટર, રૂમ નંબર ૧૧૮, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે રૂબરૂ આવીને વેરીફિકેશન કરાવવાનું રહેશે અને વિદ્યાર્થીએ પ્રવેશ માટેનો મેમો મેળવવાનો રહેશે. વિદ્યાર્થીએ પ્રવેશ અંગેનો મેમો પ્રાપ્ત કર્યા બાદ વિભાગ/કોલેજમાં જઇને વિભાગ/કોલેજની ફી ભરી પ્રવેશ મેળવવાનો રહેશે.

નંબર : ડી/ઇ/૧૦/ ૧૮૨૭
વલ્લભ વિદ્યાનગર
તારીખ : 2|7|2018

મદદનીશ કુલસચિવ